॥ ॐ श्री ॥

ધર્મો જય.

# વનિતા વિશ્રામ.

## સુબોધક કહાણીઓ.

ગીતિ.

ેધ પ્રસંગે કહાણી, જગમાં જીવો પ્રેમથકી કહેતાં,
નતણા અનુભવની, વાતો લહી જન શિખ ઉરે લહેતાં;
ક કહાણી સ્મરતાં, સહજે અંતર પ્રભુનું જ્ઞાન દીયે,
ખરૂં દૈવત છે, તે મળતાં જન સાચું સુખ લીયે;

આ લઘુ પુસ્તક વનિતા વિશ્રામ
માંથી પ્રકટ કરવામાં આવ્યું છે.

સર્વાધિકાર સ્વાધીન

---

સંવત ૧૯૬૪ આશ્વિન પુર્ણિમા.

કિંમત રૂ. ૦—૧—૦

---

સુરત ન્યુ સોદાગર પ્રેસ, ઠેકાણું બાલાજીનો ચકલો.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી સોસાઈટી-સંગ્રહ
૨૨૨૯

# गूजरात विद्यापीठ ग्रंथालय

[ गुजरातनो कॉपीराइट विभाग ]

अनुक्रमांक २२२८ वर्गांक

पुस्तकनुं नाम सुबोधक कहाणीओ

विषय ૮ . ૩

## અથ મંગલમ્

### છંદ વિજય.

આજ હરો મનનો કચરો,
નજરો કરી સ્થિર સ્વરૂપ બતાવો,
મે'ર કરી ભવ તાપ હરી,
નૃહરિ પ્રભુ કર્મની પેઢી પતાવો;
હું અબળા પણ આપ બળે,
સબળા થઇને ભવમાં વિચરે તે,
તે તણી કાળજી કોણ કરે,
અહિં નાથ વિના નવ શાંતિ ગ્રહે તે. ૧
તાત ! પધારી સદા ઉરમાં,
મમ જીવન સદ્ય કરોની કરુણા,
રૂપ વરાવી મને જલદી,
હરિ યાચતી આજ થજોની પરુણા;
લોકની થોક ન દૃષ્ટ પડે,
પણ એક અખંડિત જ્યાંહિ વસે છે,
તે પરબ્રહ્મ મળોની હવે,
જીવ તે સુખ કાજ સદાય ધસે છે. ૨

# ॥ ॐ श्री ॥
# ॥श्रीसद्गुरवेपरमात्मनेनमः॥

## ચોપાઇ.

[1] સ્વરૂપમાં જે રમતું સદા,
તેની જાય બધી આપદા. ૧
સર્વ સ્થિતિમાં શ્રીહરિ ભજો,
સદ્‌ગુણના શૃંગારો સજો. ૨
પરદુઃખ હરવા ધરવો પ્રેમ.
ઉરમાં લેવો સાચો નેમ. ૩
દયા ધર્મને આપી વાસ,
ઉરે[1] પ્રગટાવો જ્ઞાન પ્રકાસ. ૪
સાચા જ્ઞાને આવે સુખ,
ભાગે આ વિષયોની ભુખ. ૫
કરીએ સ્વાધીન ઇંદ્રિય મન,
તો જગપતિ થાયે પ્રસન્ન. ૬
માનવ તનુને મોટું માન,
મળે તજે ઉરનું અભિમાન. ૭

૧ હ્રદય.

સાચું સુખ સદ્ગુણમાં વસે,
પણ જીવો ના પ્રેમે ધસે. ૮
વિવેક વસીયો મુક્તિદ્વાર,
જાયે સદ્ભાગી તે દ્વાર. ૯
વિરાગના સુખનો નહિ પાર,
અનુભવી વર્ણે શાસ્ત્ર મોઝાર. ૧૦
સત્સંગથી જીતાયે જંગ,
આવે અંતર ભક્તિ રંગ, ૧૧
સદાચાર એ ભવનું નાવ,
બેસી ત્યાં ભવ પારે જાવ. ૧૨
મેળવવું જો મુક્તિ રત્ન,
પ્રેમ કરવો ઝાઝો યત્ન. ૧૩
પ્રયત્ન કરતાં મળતું સર્વ,
રીઝી આવે સામે [૨]શર્વ. ૧૪
વ્યવહારે વિચરવું ખરું,
પણ મનને કરવું પાધરું. ૧૫

---

૨ મહેશ્વર

અહિંસાનો પાળી ધર્મ,
પ્રેમે કરવાં સ્વાશ્રમ કર્મ ૧૬
સત્ય સમું નહી એકે વ્રત,
પાળવા મન કરવું જાગ્રત. ૧૭
જુઠાના સંગી ના થાવું,
નજરે પડતાં નાશી જવું, ૧૮
પ્રવાસી સમ છે આ જીવન,
સાર્થક કરીને ત્યજવું તન. ૧૯
સર્વ સ્થળે સમ દષ્ટિ કરી,
જ્ઞાની દુઃખ ના પામે જરી. ૨૦
વિપદ્ કસોટીએ જે ચહડે,
તે પ્રભુની સન્મુખ જઇ અડે. ૨૧
દુઃખને જાણો સાચું સુખ,
એજ દેખાડે પ્રભુનું મુખ. ૨૨
ડરવું નહિ દુનિઆથી જરી,
સુખીયા થાવું પ્રભુને વરી. ૨૩
અલ્પ દોષ ના કરવો જતો,
કોઇ કાળે દુઃખ આપતો. ૨૪

નાનું છીદ્ર ડુબાવે વહાણ,
માટે તેથી ન રહેવું અજાણ ૨૫
હીરો ચળકે ઘસવા થકી,
જન ઝળકે દુઃખોથી નકી.' ૨૬
કાપે પહેલાં સીધા ઝાડ,
તેમ આવે ભકતો પર ધાડ. ૨૭
તારો પણ ડુબે કો દિન,
બળીયો પણ થાયે ગમગીન. ૨૮
નીચો મોગરો આપે વાસ,
ઉંચો તાડ કરે ઉદાસ. ૨૯
કુસુમ કળીથી સઉ હરખાય,
ચોર સમીપે કો નવ જાય. ૩૦
હીંમત રાખી જગ હિતકરે,
તે પ્રાણી સ્વર્ગે સંચરે. ૩૧
ન્યાયી થઇને વેહેતાં જગે,
તે ના સ્વાર્થ વિષે પણ ડગે. ૩૨
રંક રાયને સરખા ભાળ,
એ સૌ એક પિતાના બાળ. ૩૩

કર્મ પ્રમાણે સુખ દુઃખ મળે,
કો વીરલા એ ગતિને કળે. ૩૪
જે મોટમના મહેલે ફરે,
તે ભાવિમાં દુઃખમાં ઠરે. ૩૫
મોઢાડે તેવું હૈડે રાખ,
અતિ મીઠાં ફળ તેના ચાખ. ૩૬
કૃતજ્ઞ થઇને પ્રભુમાં સમો,
કૃતઘ્ન કદી ના થાશો તમો. ૩૭
સાચો ધર્મ લહી ધર ધ્યાન,
બાળ પીંડમાં શ્રીભગવાન. ૩૮
જગ કર્ત્તાએ પુતળું ઘડયું,
પંચ ભૂતથી ઉભું કર્યું. ૩૯
રચના સુદર કેવી કરી,
સમજે તે જન જાયે તરી ૪૦
સુખ ઇચ્છે તો ગરૂરી છોડ,
ગરીબાઇમાં મનને જોડ. ૪૧
ઝાઝા જરથી ઝાઝો ત્રાસ,
રહે સદા ચિંતાનો વાસ. ૪૨

જરને યુક્તિથી વાવરે.
પરખી પાત્રને તેમાં ભરે ૪૩
રાગ વડે ના રમવું જગે,
દ્વેષ પ્રહીના ભ્રમવુ નગે, ૪૪
જો સેવો શાંતિ સંતોષ,
તો ના જોવો પડશે જોષ. ૪૫
વિદ્યાને જે વળગી રેહ,
તેને અવિદ્યાના દે છેહ. ૪૬
અહંપણાને કરવું દૂર,
જોવા પરમાત્મા ભરપૂર. ૪૭
ટાળી આ તનનો અભ્યાસ,
બ્રહ્મ સ્વરૂપે કરવો વાસ. ૪૮
કામ શત્રુ અંતરનો જાણ,
કરે સદા તે જીવને હાણ. ૪૯
ક્રોધે અંતર જેના બળે,
તેને સાચું સુખ ક્યાં મળે. ૫૦
લોભે લક્ષણ રૂડાં જાય,
લાજ ઘટેને નિંદા થાય. ૫૧

મોહે માનવના ગુણ જાય,
મનુષ્ય પશુ સમ તેજ ભણાય. ૫૨
મદના કદને લેવું જોઇ,
જો ફસીયા તો બુદ્ધિ ખોઇ. ૫૩
મત્સર મુકી દો વેગળો,
નિશ્ચે ધારો કદી ના ચળો. ૫૪
માનિની પદનું માનજ ધરો.
સેવા સદને જો સંચરો. ૫૫
સ્વજાતિના દુઃખ હરવા જવું,
તેને સુખ દેઇ સુખીયાં થવું. ૫૬
આર્ય નારીના લો દષ્ટાંત,
વેગે ટાળો ઉરનું [1] ધ્વાન્ત ૫૭
વનિતાને દેવા વિશ્રામ,
આશિષ લેવા ખરચો દામ. ૫૮
તડકા શીળો ફરતો ફરે,
સ્થિર સ્થિતિએ કો નાં ઠરે. ૫૯

---

૧ અંધાર

કર્મ તણી છે ન્યારી મતિ<br>
ત્યાં શું ચાલે જીવની મતિ. ૫૦<br>
ભુલવણીમાં ભ્રમવું નહિ,<br>
જે આવે તે સહેવું અહિં. ૫૧<br>
કર્યાં કર્મ ભોગવીએ મથી,<br>
સુખ દુઃખનું કોઇ સંગી નથી. ૫૨<br>
ચેતી ચાલે તે જીતશે,<br>
ભુલ થઇ તો ભ્રમવું થશે. ૫૩<br>
જનન મરણનું મોટું સાલ,<br>
ટાળ્યું તો થઇ જાવું ન્યાલ. ૫૪<br>
[1] ગ્રંથી છોડી છુટી જાઓ,<br>
જ્ઞાન ગંગામાં પ્રેમે ન્હાઓ. ૫૫<br>
[2] અષ્ટ પુરીનો કરી ઉચ્છેદ,<br>
જીવની હણજો બૂરી કેદ, ૫૬<br>
દયા દાનને દીનતા ધરો,<br>
અવગુણ કરવો ઉરથી પરો. ૫૭

---

૧ પ્રેમની ગાંઠ. ૨ પાંચ પ્રાણ. પાંચ કર્મેન્દ્રીય, પાંચ જ્ઞાનેન્દ્રિ, પંચકોશ, પંચભુત, અવિદ્યા, કામ, કર્મ.

સ્થિતિ વિચારી વહેવું સદા,
તો દુઃખ થાશે સઘળાં અદા. ૬૮
લઢવું વઢવું બુરૂં ઘણું.
રહેવું પડે જગમાં તાપણું. ૬૯
મૌન ધરે તો મુક્તિ વરે,
બોલે કારજ કોના સરે. ૭૦
મુરખ બોલે ઝાઝા બોલ,
તેનું જગમાં થાતું તોલ. ૭૧
ભક્તિ કરવી સ્થિતિ જોઇ,
ઉપરનો આડંબર ખોઇ. ૭૨
વાણીથી ના વળતું જરી,
કામ કરે જાવુ ઉદ્ધરી. ૭૩
સમય જોઇને રચવું રૂપ,
નહિતો થઇને રહેવું ચુપ. ૭૪
એક કુંડામાં પાકે કણો,
ભિન્ન રૂપના પ્રાણી લણો. ૭૫
એકજ માત પિતાના બાળ,
તદપિ સૌની ન્યારી ચાલ. ૭૬

જુદા મુખને જુદુ ઉર,
સદ્‌ગુણ સેવે આવે નૂર. ૭૭
ભાંગે મોતી તુટે મન,
તેને એક કરે કો જન. ૭૮
પાત્ર જોઇને પ્રીતિ કરો,
કર્યા પછી ના મધ્યે હરો. ૭૯
સુવર્ણ ગ્રહેજો ૧ અશ્મે ઘસી,
મનુષ્ય પરખો સંગે વસી, ૮૦
૨ આશય જેના સરખા હોય,
તેની સંગે પ્રીતિ રહોય. ૮૧
ઇષ્ટ જેના હોયે એક,
તેની પ્રીતિ નીભે છેક. ૮૨
ઉપાસનાથી રીઝે દેવ,
માટે કરવી નિર્મળ સેવ. ૮૩
ખાવું પીવું જેનું ભળે.
તેની સંગે મનડું મળે. ૮૪

---

૧ પથ્થર. ૨ વિચાર.

¹ અંબર જેણે સરખાં ધર્યાં,
મૈત્રી બાંધી કદી ના ફર્યાં. ૮૫
૭ એહજ તે મૈત્રી જાણ,
સંગે રહી સાધે કલ્યાણ. ૮૬
ગુણ મેળવવા સાચા ચાર,
પ્રથમ મૈત્રીથી વાધે ભાર ૮૭
કરૂણા અદકી ઉર આણવી,
દુ:ખીઆની પરતી તાણવી. ૮૮
મુદિતા મોટા સુખ આપતી,
સેવે સઉ દોષો કાપતી. ૮૯
દુર્જનની ²ઉપેક્ષા કરી,
સત્યકાર્યોમાં રહેવું સરી. ૯૦
શમથી આવે સત્વર સુખ,
વૃત્તિ કરી લે અંતર્મુખ. ૯૧
દમતો ઇંદ્રિયનું બળ હરે,
નિર્બલ મન થઇ પ્રભુમાં ઠરે. ૯૨

---

૧ વસ્ત્ર. ૨ તેની તરફ નજર ન કરવી તે.

[1] દ્વંદ્વ ધર્મને સહેવા નિત,
મુક્તિ મેળવવા ખચિત. ૯૩
ઉપરતિને અનુભવી જુઓ,
તો આ જગ:દુખ સર્વે ખુઓ. ૯૪
શ્રધ્ધા સમજીને ધારવી,
વહેતી વૃત્તિને વારવી. ૯૫
સમાધાન જો મનનું કરો,
તો શ્રીહરિને નિશ્ચે વરો. ૯૬
સાચા વૈભવ છમાં રહ્યા,
મેળવનારાં સુખીયાં થયાં. ૯૭
વિત્ત વિભવ તો વણસી જશે,
ઉલટાં દુખીઆં જીવો થશે. ૯૮
માટે તે શું ન કરવી પ્રીત,
ત્યાગી પામે સુખ અમિત. ૯૯
અંતર ત્યાગે રીઝે રાય,
બહાર વેષે સુખ ના થાય. ૧૦૦

---

૧ બે.

કીડીને કણ મળતાં ઘણાં,
લઘુતાનાં લેવાં ભામણાં. ૧૦૧
વિદ્યાનું જેને અભિમાન,
ગણાય તે ઝાઝા અજ્ઞાન. ૧૦૨
અગ્નિથી ના સોનું ડરે,
પથ્થર પાણીથી ના ખરે. ૧૦૩
વિદ્યા હુન્નરમાં જે ફરે,
તે પોતાની ચઢતી કરે. ૧૦૪
આળસને જે રાખે પાસ,
સર્વ કાર્યમાં થાય નિરાસ. ૧૦૫
દિને નિદ્રા લેવી ત્યજો,
ઉમંગને સર્વાંગે સજો. ૧૦૬
મોજ મઝામાં પડતાં હાલ,
જલદી થાવું પાયેમાલ. ૧૦૭
ધીરજનાં ફલ મીઠાં થાય,
ઉતાવળીયાં દુ.ખ કમાય. ૧૦૮
જગમાં જન્મી ઋણ ટાળવું,
ફરજ અદા કરવા ભાળવું. ૧૦૯

પતિવ્રતાને મોટું માન,
ધારો તે અહિં દેવી સમાન. ૧૧૦
નામ પ્રમાણે કારજ કરો,
પરહિત સાધી સુખમાં ઠરો. ૧૧૧
ત્રણ જન્મની સઉને જાણ,
પરખી લેવી અહિં એંધાણ, ૧૧૨
પૂર્વે કર્યાં તો પામ્યા અહિં
ન મળ્યું તો સત્કર્મો નહિં. ૧૧૩
આ જન્મે સુકૃત જો થયાં,
ભાવિ કાજે વાવી ગયાં. ૧૧૪
હવે પછી સુખ લણશે તેહ,
એમાં નહિ જરીયે સંદેહ. ૧૧૫
અર્પી રહેવું પતિને પ્રાણ,
ત્રિલોકમાં તેથી કલ્યાણ. ૧૧૬
હિંદુ નારીનો સાચો ટેક,
પતિ પરમેશ્વર તેને એક. ૧૧૭
અબળા જાતિ કોમળ ઘણી,
તેથી તેને રક્ષે ધણી. ૧૧૮

અબળા ટળી ના થાવું બળા,
શુભ કાર્યે થાવું સબળા. ૧૧૯
પ્રભુપર શ્રધ્ધા જે રાખતા,
દીન વચનો તે ના ભાખતા. ૧૨૦
દીનપણું લો પ્રભુને કાજ,
અન્ય જનો શું રાખે લાજ. ૧૨૧
પ્રજા તણા હિતને ધારવું,
સ્વાર્થ તજી કારજ સારવું. ૧૨૨
માતપિતાપદ મ્હોટું ઘણું,
પણ જોખમનું છે દામણું. ૧૨૩
યોગ્ય કર્યું તો સુખીયાં થવું,
નહિ તો પાશે બંધાઇ જવું. ૧૨૪
પુત્ર પુત્રીને સરખાં ગણી,
તન મન ધન ખરચો તે ભણી. ૧૨૫
ઓછું અદકું કંઇ ના કરો,
કાંજે એથી પાતક ભરો. ૧૨૬
કર્મનો બોજો વામી જવું,
નહિ તો આખર દુઃખી થવું. ૧૨૭

બાળ કેળવો રૂડી રીત,<br>
સુખ મળશે તેથી ખચીત. ૧૨૮<br>
ખેતર જો સારાં ખેડાય,<br>
તો ત્યાં પાક અધિકો થાય. ૧૨૯<br>
રક્ષણ કરે જો દિનને રાત,<br>
તો ચારો ચાવે ભલી ભાત. ૧૩૦<br>
બાળકને દો સારો બોધ,<br>
તેનાપર ના કરવો ક્રોધ. ૧૩૧<br>
ક્રોધે કારજ કથળી જતું,<br>
બાળક અંતર દુઃખીયું થતું. ૧૩૨<br>
શાન્ત માડીનાં શાણાં બાળ,<br>
શિખામણ દો આણી વહાલ. ૧૩૩<br>
રત્નગર્ભા નારી થજો,<br>
કીર્તિ લઇને સ્વર્ગે જજો. ૧૩૪<br>
સ્વર્ગ સાચું છે પૃથ્વિ તળે,<br>
સત્કર્મોથી સત્વર મળે ૧૩૫<br>
કરવાનું તે પહેલું કરો,<br>
પાછળની આશા પરહરો. ૧૩૬

આગળ દીવાએ દેખાય,
પાછળનાથી પડતું થાય. ૧૩૭
સુકર્મ દીવો આગળ ધરી,
પછી જવું આ જગથી ખરી. ૧૩૮
આ જગમાંહી જીવતાં મરો,
મરીને જીવો તો તો તરો. ૧૩૯
સાધુ જન ફરતો પુજાય,
નારી ફરતી ધિક્કારાય. ૧૪૦
તનુમાં મનનું ભારે શુલ,
પણ તેને કરવું અનુકુલ. ૧૪૧
અનુકુલ મનતો સુખ આપશે,
ત્રિવિધિ તાપ સહજે કાપશે. ૧૪૨
પ્રભુની માયા દુઃખ ના દીયે,
જીવકૃત સૃષ્ટિ શોધી લીએ. ૧૪૩
આશ્રમ ધર્મનું પાલન કરી,
આ જગથી જાવું ઉધ્ધરી. ૧૪૪
રૂડે કામે ભય ના ધરો,
દુનિયાથી ના મનમાં ડરો. ૧૪૫

જેને ચાહે સજન લોક,
તે કરવું ટાળી ભય શોક. ૧૪૬
દુર્જન ક્રોધથી ના જીતાયે,
સજન હારી છુટી જાયે. ૧૪૭
જે નમ્યા તે પ્રભુને ગમ્યા,
સુખ શાન્તિમાં તે જન શમ્યા. ૧૪૮
તનને ગણીએ ભાડા વેલ,
કાર્ય સાધી ઉલાળી મેલ. ૧૪૯
ત્યાગી અંતરથી સ્વાર્થને,
અહેવા રૂડા પરમાર્થને. ૧૫૦
જે બાળા પામે સદ્‌બોધ,
પ્રજા સુધારે કરીને શોધ. ૧૫૧
ઉન્નતિ સ્ત્રીથી સત્વર થતી,
સ્ત્રી અજ્ઞાને થાતી ક્ષતિ. ૧૫૨
સ્ત્રીની ચઢતી થાશે જદા,
ત્યારે સુખ અહિં મળશે સદા. ૧૫૩
ફેશન લેશન ઉલટાં તજી,
સદ્‌ગુણ ધારો અંગે સજી. ૧૫૪

સ્રીને સ્રીએ દુઃખ આપતી,
પણ તેના દુઃખ ના કાપતી. ૧૫૫
વૃદ્ધ જનોની ધરવી દયા,
આણીને અંતરથી મયા. ૧૫૬
પરનાં દુઃખે દીલ દાઝશે,
તો પરમાર્થ પ્રીતિ થશે. ૧૫૭
પ્રભુ વરયા છે સર્વે ઠામ,
જાણી સાચાં કરવાં કામ. ૧૫૮
પલ પલના છે સાક્ષી ઇશ,
તો જીવને જાવું કો દિશ. ૧૫૯
ત્રિકાલ ભય ઇશ્વરનો ધરો,
ચેતીને સન્માર્ગે સરો. ૧૬૦
પ્રાણી માત્રના એ પ્રતિપાલ,
સદા જીવોની લે સંભાળ. ૧૬૧
એને પ્રિય અપ્રિય કો નથી,
પણ સમજે જીવ થાકે મથી. ૧૬૨
તદપિ એક નિયમ પ્રખ્યાત,
સત્ય સેવકની સુણતા વાત. ૧૬૩

જે જેને આધારે રેહ,
તે તેને કેમ દેશે છેહ. ૧૬૪
જીવ પણ ઉપકારોને ગણે,
તો પ્રભુ ભજતાને કેમ હણે. ૧૬૫
અણીએ દેતા ઈશ્વર શ્હાય,
અભકાથી તે ના સમજાય. ૧૬૬
દુઃખ આવે સુખ દેવા માટ,
સમજી ના કરવો ઉચ્ચાટ. ૧૬૭
સુખથી શત ગુણ સારૂં દુઃખ,
અનુભવી જન વાંછે મુખ. ૧૬૮
ચાર વાણીના વેગો હરી,
વાગાતીત પદ વસતું હરી. ૧૬૯
સાચાં સાધન સાધો જનો,
શીદને દુઃખનાં ડુંગર ખનો. ૧૭૦
રામ રામના ગુણીને ધોય,
ઇન્દ્રિય મનને સત્વર શોધ. ૧૭૧
કામ ધામને છોડી જવુ,
દામ ચામ ના કોનું હવું. ૧૭૨

જે પર પ્રીતિ કાં ચોંટતી,
વૃત્તિ કાં તેમાં લોટતી. ૧૭૩
હૃદય રાખીએ ઉંડુ ઘણું,
છલકાવું નહિ એ હું ભણું. ૧૭૪
ચઢતી પડતી સેવે દેવ,
તો માણસને શો અહમેવ. ૧૭૫
કાળ ફરે છે સઉને શિર,
કાળ જીતે તે મ્હોટો વીર. ૧૭૬
ભોગે ઝાઝા આવે રોગ,
નિરોગ રહે જે સાધે યોગ. ૧૭૭
યોગ ભકિત છે સુખની ખાણ,
સમજી સાધ્યાથી કલ્યાણ. ૧૭૮
અજ્ઞાને જન પગલાં ભરે,
તો કયાંથી તે સુખમાં ઠરે. ૧૭૯
પરહિત સાધે વીરલા ખરા,
પરના પુણ્યે પ્રકટયા ધરા. ૧૮૦
ખાવું તેનું ખોદવું નહિ,
લેવું તેને દેવું સહી. ૧૮૧

સ્વાધીન મનતો સુખજ દીયે,
નિર્ભય પદ ગ્રહીને ના બીયે. ૧૮૨
યોગ અંગને આણી પ્રેમ,
સાધન કરવાં પાળી નેમ. ૧૮૩
પ્રમાણિકપણું મનમાં ધરી,
લેવી જગમાં કીર્તિ વરી. ૧૮૪
પર પદાર્થને જાણી લોહ,
રમ્ય તથા ના કરવો મોહ. ૧૮૫
અંતરથી અભિલાષા તજી,
અસ્તેય ગુણને ઉરમાં સજી. ૧૮૬
જીતેન્દ્રિય થઇ જગમાં વસે,
કામ રાગુ ના તે પર ધસે. ૧૮૭
પર જાતિને સ્મરવી નહિ,
દુઃખની ખાણુ ગણી તે અહિં. ૧૮૮
અષ્ટ દોષથી થાવું મુક્ત,
સમજીને સાધનની જુક્ત. ૧૮૯
કુદરતને ના પહોંચે કોઇ,
બાથ ભરે તો બુધ્ધિ ખોઇ. ૧૯૦

પ્રભુ મહિમા ના જાણે જીવ,
તોપણ મિથ્યા થતા શિવ. ૧૫૧
સહુના એ સાચા સરદાર,
માને તે ના ખાયે હાર. ૧૫૨
પાલન કરીએ શુદ્ધાચાર,
અંતર પ્રકટ સુવિચાર. ૧૫૩
જોવા સમજી નિજના દોષ,
ત્યજી ભરો સદ્‌ગુણના કોષ. ૧૫૪
સદ્‌ગુણનું છે સાચું ધન,
તે મેળવવા કરવું મન. ૧૫૫
મન વશ કરીએ ધારી ખંત,
તો આ દુઃખનો આવે અંત. ૧૫૬
મન વશ જે જીવ જગમાં થાય,
નિશ્ચે તે જીવ નરકે જાય. ૧૫૭
શિદને મિથ્યા ધરવી ભેખ,
કુમળ કળિમાં શ્રીહરિ પેખ. ૧૫૮
બ્રહ્મવિદ્યા છે સહુને શિર,
તે શિખી ત્રોડો જંજીર. ૧૫૯

[1] અગમ [2] નિગમનું રાખી ભાન,
મેળવ સાચું આત્મજ્ઞાન. ૨૦૦
વાડ વિન વેલો ચઢતો નથી,
માટે વાડે બાઝો મથી. ૨૦૧
વય વપુને ત્રિજું વિત્ત,
સાચવવું જગમાં ખચીત. ૨૦૨
વિચાર વિણ તે વણસી જાય,
પાછળથી પસ્તાવો થાય. ૨૦૩
સર્વ વર્ણમાં નારી જાત,
ધર્મજ પાજે એ પ્રખ્યાત. ૨૦૪
માટે નારીને કેળવી,.
યુક્તિથી લેવી હેળવી ૨૦૫
બાળ પ્રજાને ખોટાં લાડ,
કરીને વેલો ના વણસાડ. ૨૦૬
ભક્તિ કરવી શિરને સાટ,
નિંદંન ના કરવો ઉચ્ચાર. ૨૦૭

---

૧ શાસ્ત્ર ૨ વેદ

જે આચાર વિચારે શુદ્ધ,
તેની સત્વર વાધે બુદ્ધ. ૨૦૮
લીધાં કાર્યો પુરાં કરો,
પછી બીજામાં પગલાં ભરો. ૨૦૯
શુભ નિશ્ચયને ધરવો ઉર,
મધ્યે ફરી ના કરીએ દૂર. ૨૧૦
ત્રિવિધિ તપને આદર કરી,
કરજો મેળવવા શ્રીહરિ. ૨૧૧
સુવાણી બોલી પાળો તપ,
જગમાં એનો ઝાઝો ખપ. ૨૧૨
મનથી સૌનું શુભ ઇચ્છવું,
થાયે શાથી તે પ્રીચ્છવું. ૨૧૩
તન તોડીને પ્રેમે ઘસો,
તો સેહજે વૈકુંઠે વસો. ૨૧૪
કરવી નવધા ભક્તિ નેટ,
જે ભક્તિ પહોંચાડે ઠેઠ. ૨૧૫
શ્રવણ કરીને શાસ્ત્રો તણું,
ટાળવું અંતરનું તાપણું. ૨૧૬

કીર્તન કરવું દિનને રાત,
પ્રભુ ગુણ ગાઇ સુધારો જાત. ૨૧૭
અંતર સ્મરવા ગમતા દેવ,
કરવી સાચા દીલથી સેવ. ૨૧૮
પ્રભુપદોને ધ્યાયે જન,
તેનાં નિર્મળ થાયે મન. ૨૧૯
વિધિએ પૂજે જે પરમેશ,
તે સુખ પામે છે હમેશ. ૨૨૦
નમન કરીને રીઝવે ઇશ,
જગપતિ વ્હાર ચઢે ચોદિશ. ૨૨૧
દાસ થવું તો પ્રભુના થઇ,
નાથ જગતનો રીઝવી લઇ. ૨૨૨
પરિચય ઝાઝે પ્રીતિ જાય,
માટે સંગે ન રહેવું સદાય. ૨૨૩
સખ્ય ભક્તિ અર્જુનની શ્રેષ્ઠ,
બીજા સૌની એથી નેષ્ઠ. ૨૨૪
મર્પણ જો સાચું કરો,
ા અંતરનું હું પદ હરો. ૨૨૫

પ્રેમે લક્ષ પ્રભુમાં રમે,
તે જીવ સાચા સુખમાં સમે. ૨૨૬
પરોપકારી સ્ત્રીની જાત,
સર્વજનોને છે એ જ્ઞાત. ૨૨૭
સુવિદ્યા વિણુ તે વણસી ગયું,
કુવિદ્યાથી સો અવળું થયું. ૨૨૮
પૂર્વે સતીનાં કેવાં કામ,
અદ્ભુત છે તેઓની હામ. ૨૨૯
સતીત્વ તેનું શું દીપતું,
કસોટીથી તે તો શોભતું. ૨૩૦
અર્વાચિનની બીક નાર,
તે શું સુધારે સંસાર. ૨૩૧
અંધારે જો ઓળો પડે,
તો બીહીને ખુણે જઇ અડે. ૨૩૨
નથી નારીનો એમાં વાંક,
કેળવણીનો આડો આંક. ૨૩૩
માતપિતા થઇ સુખીઆં થવું,
તો પોતે સન્માર્ગે જવું. ૨૩૪

કુટેવ ત્યાગી લેવું સુખ,
પ્રજા ન લજવે માની કુખ. ૨૩૫
દુષ્ટ પ્રજા નિંદાવે માત,
આ લેવી ઉરમા એ વાત.' ૨૩૬
જે સત્કર્મે સુંદર હોય,
તે ના સુવસ્ત્રોથી રહોય. ૨૩૭
સરળતાને ધારે હૃદે,
કુવાણી તે કદી ના વદે. ૨૩૮
મિતાહારીના નિરોગ તન,
અધિકારી તે યોગી જન. ૨૩૯
અંતર બાહિર શુધ્ધિ કરી,
રાગ દ્વેષ ના રાખો જરી. ૨૪૦
પરિગ્રહ લેતાં જાતો ટેક,
માટે અપરિગ્રહ સાધો નેક. ૨૪૧
નિદ્રાજીત થઇ ઇશ્વર ભજે,
તો તેને દુઃખ ના રહે રજે. ૨૪૨
સાચી શ્રધ્ધા ધરવી ઉર,
આરાધો હરિ થઇને શૂર. ૨૪૩

યથાશક્તિએ કરવું દાન,
દાન વિના ના કંઈએ માન. ૨૪૪
તપ કરીને તનને શોષ,
તો પછી ના રહે એકે દોષ. ૨૪૫
અગ્નિ તાપે સોનું ગળે,
તપે વિકારો ઉરના બળે. ૨૪૬
તપે તપતાં સુધરે મન,
બાળે સર્વે સંચિતઈંધન. ૨૪૭
રાજસ તામસ ગુણો તજી,
સાત્વિક ગુણ લો ઉરે સજી. ૨૪૮
દુષ્કર્મોના ક્ષયને માટ,
સુવ્રત કેરી લેવી વાટ. ૨૪૯
નિત્ય કર્મને ધારી નેમ,
કરવાં અંતર આણી પ્રેમ. ૨૫૦
એક દિવસ ના કરવો જતો,
ભુલથી જીવ દુઃખ ભોગી થતો. ૨૫૧
ધ્યાન એ સાચું સાધન,
સાધી સ્વાધીન કરવું મન. ૨૫૨

કર્મભૂમિ છે હિંદુસ્તાન,
દેવો પણ દે તેને માન ૨૫૩
લજ્જા દુષ્કર્મે રાખવી,
મિથ્યાને કાઢી નાખવી. ૨૫૪
કાંજે એથી વણસે કાજ,
માટે સમજી ધરવી લાજ. ૨૫૫
ખટ ઘડી રાત્રે નિંદ્રા છોડ,
મન વૃત્તિને ધ્યાને જોડ. ૨૫૬
જીવન્મુકિત મેળવતા જન,
તે સાચા કહાવે સજ્જન. ૨૫૭
તક્ર મથે નવનિત નીકળે,
હૃદય મથનથી શ્રીહાર મળે. ૨૫૮
લોઢું ઘસે આવે ઉજાસ,
બુધ્ધ વાપરે થાય પ્રકાસ. ૨૫૯
જેમ તેમ મતિનો કરી વિકાસ,
અંતરમાં આણી ઉલ્લાસ. ૨૬૦
સરલ ચાલને સારો પંથ,
સતી નારીને સેવ્યજ કંથ. ૨૬૧

નારીની ઉત્પત્તિ કરી,
નાંખી સ્કંધે જોખમ ધરી. ૨૬૨
ગૃહ પ્રજાને રૂડી પેર,
પાલન કરવાં આવી મહેર. ૨૬૩
રાજા વજીરે ચાલે રાજ,
નર નારીથી સુધરે કાજ. ૨૬૪
ઉભયતણી હોય સરખી રીત,
તો તે થઇને વિચરે અભિત. ૨૬૫
સમય રૂડો આ જાયે વહી,
તેને સાર્થક કરવો અહિં. ૨૬૬
દુ:ખીનાં દુ:ખ હણવા ધાઓ,
તો નિશ્ચે અહિં સુખીઆ થાઓ. ૨૬૭
ક્ષણ ક્ષણ આયુષ ખુટી જતું,
કેમે ન તે પાછું આવતું. ૨૬૮
માટે વિચારી કરવું કામ,
મિથ્યા ન વણસે વચને દામ. ૨૬૯
સેવક જોતાં લાગે નેહ,
પણ એ પદવી જાણો એહ ૨૭૦

સર્વ સેવક છે આ જગમાંહ્ય,
વિચારી જોતાં એ સમજાય. ૨૭૧
વિણ વિચારે વિચરે લોક,
તો તે પાછળ કરશે શોક. ૨૭૨
પરદુઃખ ભંજન થાવું જગે,
નિત્ય વિચરવું તેને વગે. ૨૭૩
પ્રભુ ભજેથી મનબલ વધે,
બલિષ્ટ મને જય મળતો બધે. ૨૭૪
જેનું મન ક્ષણ ક્ષણમાં ફરે,
તેને એકે સુખ ના વરે. ૨૭૫
જગ જાણીતા નર જે થયા,
તે પણ નારી કુખે રહ્યા. ૨૭૬
માટે નારી સહુની ખાણ,
બને હીરો કે કાં પાષાણ. ૨૭૭
અર્થ સાધે તે સાચા નર,
સાચું સુખ ના વસીયું જર. ૨૭૮
મુક્ત સ્થિતિની ભૂમિ સાત,
પ્રયત્નથી મળતી સાક્ષાત્. ૨૭૯

શુભ ઇચ્છા તે પહેલી જાણ,
કર મન મળવા સારંગ પ્રાણ. ૨૮૦
વિચાર સારા નિશદિન કરે,
તો હૃદયામાં સુખો ભરે. ૨૮૧
તનુમાનસા ત્રીજી હોય,
શરીરનું અભિમાને ખોય. ૨૮૨
સત્વાપતિ ચોથે રહી,
સ્વપ્ન સૃષ્ટિ સમ જીવે સહી. ૨૮૩
આસક્તિથી છુટે જેહ,
તે પંચમમાં વસીયા કેહ. ૨૮૪
પદાર્થ કેરું ભાનજ ટળે,
જીવ શિવ કેરા પદમાં ભળે. ૨૮૫
તું ને હું તે જાણે એક,
સપ્ત પામે એ પદ છેક. ૨૮૬
સાધક સાધે પ્રીત યોગ,
તોજ કરે તે હરિ સંયોગ. ૨૮૭
બાહિર શોધે મરીએ મથા,
પણ પ્રભુ કેમે જડતા નથી. ૨૮૮

રમી રહ્યા છે સઘળે રામ,
ઉચ્ચારે વેદો તો આમ. ૨૮૯
૧ ચોદ ૨ કરણને વશમાં લઇ,
હરિ ઉપાસો હૃદયે જઈ. ૨૯૦
સમર્થની મેળવીએ સ્હાય,
તો અંતરમાં પ્રભુ પેખાય. ૨૯૧
ભાળો કારમી બ્રહ્મજયોત.
શું કરશે પછી જીવને મોત. ૨૯૨
નામ જુદાંને કારજ એક,
માટે ધર્મે ધારવો વિવેક. ૨૯૩
સૌને વ્હાલો નિજનો ધર્મ,
પાળી તે સુખ લેવું પર્મ. ૨૯૪
ધર્મની નિંદા કરવી નહિ,
સુખ પામો સઉ ધર્મ વહી. ૨૯૫
સુકર્મથી ઉરના મળ બળે,
ઉપાસના એ ઇચ્છિત મળે. ૨૯૬
જ્ઞાને દુ:ખતણો સંહાર,
વિજ્ઞાને સુખ દારોદાર. ૨૯૭

૧ દશ ઇન્દ્રિ ચાર અંત:કરણ. ૨ ઇન્દ્રિ.

કર્મતણા છે, ત્રણ પ્રકાર,
બાળી ભસ્મ કરો આવાર. ૨૯૮
સચિતને ક્રિયમાણો જેહ,
જ્ઞાન અગ્નિથી દહવા તેહ. ૨૯૯
પ્રારબ્ધનું દુઃખ સહજે હણી,
ધાજો સત્વર ઇશ્વર ભણી. ૩૦૦
સર્વ શરીરને પરખી જાણ,
હુ પદનું કયાં છે એધાંણ. ૩૦૧
જીવને કર્મો દોરે અતિ,
ત્યાં નવ ચાલે જીવનું રતિ. ૩૦૨
માટે સત્કર્મો ચિંતવી,
સુખે માંડવી બાજી નવી. ૩૦૩
ઉપવાસે અજીર્ણો બળે,
સત્કર્મે દુષ્કર્મો ખળે. ૩૦૪
શરીર મનને સર્વે કાળ,
પરોપકારમાં સત્વર વાળ. ૩૦૫
જ્યાં ત્યાં એકજ જો ધારશે,
તો ના કદીએ તું હારશે. ૩૦૬

અખંડ આત્માનું ધર ધ્યાન,
પીંડ બ્રહ્માંડે એકજ માન. ૩૦૭
તન ધન એકે જીવનું ન્હોય,
સુમાર્ગે ગયું તો સંગે રહોય. ૩૦૮
વંશનો વેલો સાચો નથી,
માટે કીર્તિ કરજો મથી. ૩૦૯
નામો ભકતતણા છે રહ્યાં,
બીજાં નામો માર્ગે વહ્યાં. ૩૧૦
બગસમ ભકિત કરવી નહિં,
સુભકત થઇ સંચરવું અહિં. ૩૧૧
દેશ વેષનો રાખી ટેક,
સતત સ્મરવા હૃદયે એક. ૩૧૨
રસના જીતે તે છે શૂર,
જીતેન્દ્રિયનું વાધે નૂર. ૩૧૩
[1]કરણે કરણે વસીયા દેવ
પરખી તેની કરવી સેવ. ૩૧૪

---

૧ દરેક ઇન્દ્રિ

૧ અસિ ઉપરે ચઢીયું મ્યાન,
૨ પંચકોશમાં શ્રીભગવાન. ૩૧૫
જેમ મ્યાનથી જુદી અસિ,
કોશાતીત પ્રભુ જો ધસી. ૩૧૬
જપ સંખ્યાનો અંતર માપ,
થાયે સોહં સોહં જાપ. ૩૧૭
સાચો સ્વાર્થી સાધે શ્રેય,
ભુલી જીવો સાધે પ્રેય. ૩૧૮
સ્વાર્થ ભોગને અર્પો જો,
થશે તદા પરમાર્થો તો. ૩૧૯
૩ એષણા ત્રણની ત્રોડી નાંખ,
રૂડી ભુંડી સઉની સાંખ. ૩૨૦
કટુ ઔષધથી વ્યાધિ ટળે,
કટુ સ્થિતિથી ઇપ્સિત મળે. ૩૨૧

---

૧ તરવાર. ૨ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય.
૩ લોકૈષણા, પુત્રદારૈષણા, વિત્તૈષણા.

ભાવે કભાવે હરિનું નામ,
લેતાં આવે સુખ તમામ. ૩૨૨
નારીએ નારીમાં રહી,
પુરૂષપદે ના જાવું વહી. ૩૨૩
નિજ અધિકારે રહેવું સદા,
પર માટે ના જાવું કદા. ૩૨૪
વિરાગ જગમાં બણીગો વીર,
મેળવી કરવું મન ફકીર. ૩૨૫
પુરૂષાર્થ એ સાચો પુત્ર,
એનાથી વધશે ગૃહ સુત્ર. ૩૨૬
તુચ્છ વિષય પણ યત્ને મળે,
પ્રયત્ન વિણ શું પ્રભુમાં વળે. ૩૨૭
હાથ ન આવે હરિ તો બળે,
યત્ને હરિપદ લેજો કળે. ૩૨૮
પથ્થર ટાકી મૂર્તિ ઘડે,
તે મૂર્તિ મંદિરમાં અડે. ૩૨૯
પથ્થર સહેતા દુઃખ અપાર,
પછી વેદથી કરી સંસ્કાર. ૩૩૦

પૂજન અર્ચન વિધવિધ થાય,
એ સૌ કર્મતણો મહિમાય. ૩૩૧
તેમજ જીવને દુ:ખો પડે,
સહન કરે સૌ શૈનો વડે. ૩૩૨
પાછળથી પ્રભુ પાળે લાડ,
દયાનિધિ ના જાતા હાડ. ૩૩૩
જે ધારે પ્રભુનો વિશ્વાસ,
તેને પ્રભુ તો ગણતા ખાસ. ૩૩૪
શાસ્ત્ર વિષે એનાં દૃષ્ટાન્ત,
ભક્તિ વશ વર્તે શ્રીકાન્ત. ૩૩૫
વૃત્તિ સાધે સાધુ થાય,
મિથ્યા નામે તો ભટકાય. ૩૩૬
ધર્મજ નામે પવિત્ર હોય,
તેથી તેને વંદન સ્હોય. ૩૩૭
સર્વે સાધન મૌને વસે,
મૌને સુખ લહી ના તે ચસે. ૩૩૮
શુભ દાન તે સૌથી શ્રેષ્ઠ,
કીર્તિ કાજ કરે તે નેષ્ઠ. ૩૩૯

મક્ષિકા જેમ પુષ્પે ફરે,
સાર ગ્રહીને પેસે દરે. ૩૪૦
તેમજ કરવું જગમાં જને,
તે પરિણામે શીરલા બને. ૩૪૧
નારીને ના નિંદો કોઈ,
નારવડે આ સૃષ્ટિ હોઇ. ૩૪૨
ભવને જાણો જે નિઃસાર,
તો પરમાર્થે આવે પ્યાર. ૩૪૩
ગુરુજનોની આજ્ઞા પાળ,
તો સુખ સર્વે સામાં ભાળ. ૩૪૪
દર્શન કાજે અંતર દોડ,
પ્રભુ પેખી સુ તાણી સોડ. ૩૪૫
ચક્ર વેધીને મુર્ધ્ધે વસે,
તે આઠે પહોર અત્રે હસે. ૩૪૬
ગાજે તે ના વરસે કહીં,
બોલે તે શું કરશે આંહિ. ૩૪૭
મૌન ધરીને કરીએ કામ,
તોજ વધે આ જગમાં નામ. ૩૪૮

કોમળ ડાળ નમાવી નમે,
પાકટ થાતાં તે તો દમે. ૩૪૯
બાળકના અંતર છે ખાપ,
પ્રયત્નથી પાડો સુછાપ. ૩૫૦
બ્રહ્મ પરખે તે બ્રાહ્મણ જાણ,
નામ માત્ર છે અન્ય પ્રમાણ. ૩૫૧
પડયા જીવને અગણિત પાશ,
પ્રવિણ સાધક કરતાં નાશ, ૩૫૨
[1] ભૂજંગ જોડું અંતર માંહ્ય,
વિષ નિવારી રહેજો ત્યાંહ્ય. ૩૫૩
કામ વાસના દે સંતાપ,
ત્યારે કરવા પ્રેમે જાપ. ૩૫૪
ત્રિવિધિ તાપને ન્યારા ગણો,
તો દૈવી સુખ ભવમાં લણો. ૩૫૫
હૃદય કમળની આઠે [2]પાંખ,
વિચરી ભીતર સાક્ષી ઝાંખ. ૩૫૬

---

૧ સાપ (કામ ને વાસના એ ભુજંગનુ જોડું.)
૨ પાંખડી

નજરે પડતું પામે નાશ,
માટે ઓળખજે અવિનાશ. ૩૫૭
પ્રેમે પાશ તે સમજો જાણ,
છોડી કરી લેવું કલ્યાણ. ૩૫૮
તત્ત્વમસિને લક્ષ્યે સાધ,
સુરતા સાધી જગને બાધ. ૩૫૯
ઘટપટ મઠને દ્રષ્ટે ભાળ,
મહદ્ સ્વરુપે સૌ ઓગાળ. ૩૬૦
રાય નારીને ત્રીજી વેલ,
સત્સંગ વિણના સુની મેલ. ૩૬૧
૧ કારાગૃહમાં કીધો કોલ,
પ્રેમે પાળવો તે તો બોલ. ૩૬૨
સમદ્રષ્ઠિ ઇશ વર્ણે વેદ,
ઉંચ નિચનો ત્યાં નવ ભેદ. ૩૬૩
ભજતાને તો ભજશે હરિ,
એ વાણી શાસ્ત્રે ઉચ્ચરી. ૩૬૪

૧ ગર્ભસ્થાન

જે જન કર્મ કરે નિષ્કામ,
હરિ ભજી તે થાય અકામ. ૩૬૫
સુગંધ વાયુ સાથે પળે,
જન વારે પણ ના તે ખળે. ૩૬૬
સુકર્મ સુગંધે સુખ આવતું,
દુષ્કર્મો હૃદયો તાવતું. ૩૬૭
ક્રોધે નેત્ર કરે જે લાલ,
જાણો તે પ્રાણી કંગાલ. ૩૬૮
પ્રજ્ઞ જનોની ચાલે ચાલ,
પ્રજ્ઞા કરવા અતિ વિશાલ. ૩૬૯
હીંમતની કીંમત ના થાય,
હીંમત રાખે કારજ થાય. ૩૭૦
તપોબળ છે સર્વોત્તમ,
મેળવી થાવું પુરુષોત્તમ. ૩૭૧

समाप्त.